# ગાંધીનગર મનપાની હદનો વિસ્તાર કરાયો

## ૧ નગરપાલિકા અને ૧૮ ગામો ભેળવવા ઉપરાંત સાત ગામના સર્વે નંબરોને ગાંધીનગરમાં સમાવાયા

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સરકારે આજે ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં વધારો કરવાના નિર્ણયને બહાલી આપી દીધી છે. રાજ્ય સરકારના આ નિર્ણયને ગાંધીનગરના મેયર રીટાબેન પટેલે આવકારી જણાવ્યુ છે કે શહેરના વિકાસને નવો જ વેગ મળશે.

રાજ્ય સરકારે આજે ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં પેથાપુર નગરપાલિકા ઉપરાંત ૧૮ ગામોને ભેળવવા ઉપરાંત સાત ગામના સર્વે નંબરોને મનપાની હદમાં સમાવવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારે આજે જે નિર્ણય કર્યો છે તેમાં પેથાપુર નગરપાલિકા ઉપરાંત કુડાસણ, રાયસણ, રાંદેસણ, સરગાસણ, કોબા, વાસણા હડમતિયા, વાવોલ, કોલવડા, પોર, અંબાપુર, અમિયાપુર, ભાટ, સુઘડ, ઝુંડાલ, ખોરજ, કોટેશ્વર, નભોઈ, રાંધેજાનો તમામ વિસ્તાર ભેળવી દેવાયો છે.

જ્યારે તારાપુર, ઉવારસદ, ધોળાકુવા, ઈન્દ્રોડા, લવારપુર, શાહપુર અને બાસણના સર્વે નંબરોને આ શહેરની હદ સાથે ભેળવવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરની હદ વધારવા માટે ૨૮મી જાન્યુઆરીએ સ્થાયી સમિતિની બેઠકમાં સિનીયર કાઉન્સીલર કાર્તિક પટેલ અને બરખાબેન જહા દ્વારા આ પ્રસ્તાવ રજુ કરાયો હતો અને તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

આ પછી ફેબ્રુઆરી માસમાં મળેલ સામાન્ય સભાએ પણ આ દરખાસ્તને બહાલી આપી હતી. જે પછી રાજ્ય સરકારે વિકાસ કમિશનર પાસેથી આ અંગે પંચાયતી રાજની સંસ્થાઓ પાસેથી ૨૦ થી વધુ બાબતોને આવરી લઈ અભિપ્રાય માંગ્યો હતો.

પંચાયતોના વિરોધ વચ્ચે પણ તંત્રએ એક તરફી અભિપ્રાય સરકારને મકલ્યો હતો. જો કે સાતથી વધુ પંચાયતોએ આ પ્રસ્તાવના વિરોધમાં પ્રસ્તાવ પસાર કરી મોકલ્યા હતા.

જો કે રાજ્ય સરકારે આજે આ અંગેના નિર્ણયમાં તમામ અભિપ્રાયોને નજર અંદાજ કરી હદ વધારાના નિર્ણયને બહાલી આપી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની રચના થયે ૧૦ વર્ષનો સમયગાળો પૂર્ણ થવામાં છે અને સરકારે હજુ મનપાની આર્થિક ક્ષમતા મજબુત બને તે પહેલાં જ હદ વધારવાનો નિર્ણય કર્યો છે.

૨૦૧૦ માં ગાંધીનગર મનપાની રચના કરવામાં આવી હતી ત્યારે માત્ર ગાંધીનગર શહેરના ૩૦ સેક્ટરો અને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

હવે ગાંધીનગર શહેરનો વિસ્તાર વધશે તેમ જ આવક પણ વધશે જો કે આ પછી નવી જવાબદારીઓ પણ વધશે.

મનપા પાસે હાલ સ્ટાફ પણ પૂરતો નથી એટલુ જ નહિ સરકારે હજુ મનપાને સફાઈ સિવાય અન્ય કોઈ સેવાઓ સોંપી નથી ત્યારે મનપા માટે પણ આ હદ વિસ્તારનો મામલો નવો પડકાર બનશે.

જો કે હાલ તો ૨૦૨૧માં ગાંધીનગર મનપાની યોજાનાર સામાન્ય ચૂંટણીને જ ધ્યાને રાખવામાં આવી છે અને તેનુ સીમાંકન પણ હવે નવેસરથી કરવાનું થશે એટલે તંત્ર માટે રાત ઓછી ને વેશ જાજા જેવો ઘાટ ઘડાશે.

### ગાંધીનગર તાલુકાની ૧૯ ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતની નવ બેઠકોને અસર થશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં વસ્તીની દૃષ્ટિએ ગ્રામ્ય સંખ્યાને લઈ મોટા તાલુકાની ઓળખ ધરાવતો ગાંધીનગર તાલુકો નાનો થશે.

**૧૮ ગામ અને ૭ ગામના સર્વે નંબરો ગાંધીનગરમાં ભેળવાયા તો ૧ ગામ અને ૧ ગામના સર્વે નંબર અમદાવાદમાં ભેળવાયા : પેથાપુર નગરપાલિકાને ગણીએ તો ૨૦ ગામ તાલુકામાં ઘટશે**

રાજ્ય સરકારે આજે કરેલા આ નિર્ણયને પગલે ૧ નગરપાલિકા તેમજ ૧૯ જેટલા ગામ ઓછા થશે. આ ઉપરાંત ૮ ગામના સર્વે નંબરો ઘટશે. જેની સીધી અસર તાલુકા પંચાયતની આવક પર થશે.

ગાંધીનગર તાલુકામાંથી આમ ગણીએ તો ૨૦ ગામ ઘટશે. પેથાપુર નગરપાલિકાને ગણીએ તો તે સંખ્યા ૨૦ થાય. ગાંધીનગર તાલુકામાં હાલ ૭૪ ગ્રામ પંચાયતો છે જેમાંથી ૧૯ ગ્રામ પંચાયતોનું સરકારના આ નિર્ણયને કારણે અસ્તીત્વ મટી જશે. તાલુકામાં હવે ૫૫ ગ્રામ પંચાયતો રહેશે.

૧ ગામ નાના ચિલોડા જે છે તે અમદાવાદ મનપામાં ભળશે. જ્યારે ૧૮ ગામ ગાંધીનગર મનપામાં ભળશે. ૮ ગામના સર્વે નંબરો જે શહેરી વિસ્તારમાં ભળશે તેમાં ૭ ગામના સર્વે નંબરો ગાંધીનગરમાં અને રણાસણના સર્વે નંબરો અમદાવાદમાં ભળશે.

સરકારના આ નિર્ણયને પગલે ગાંધીનગર તાલુકા પંચાયતની નવ બેઠકોને અસર થશે. ભાજપને ગાંધીનગર તાલુકા પંચાયત ગુમાવવાનો પણ વારો આવે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

આમ હદ વધારવાના નિર્ણય સાથે રાજકીય અને ભૌગોલિક સમીકરણો બદલાશે. જે નવ સીટોને અસર થાય છે તેમાં કોબા, ભાટ, કોલવડા-૧, કોલવડા-૨, કુડાસણ, પોર, રાંધેજા-૧, વાવોલ-૧ અને ઝુંડાલ બેઠકનો સમાવેશ થાય છે.

### હદ વિસ્તાર વધારાનો ભાજપમાં જ વિરોધ હતો પણ સરકારે નજર અંદાજ કર્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરની હદ વધારવાના નિર્ણયમાં ભાજપ પણ બે ભાગમાં વહેંચાઈ ગયું હતું. તાલુકા પંચાયત ગુમાવવા ઉપરાંત પેથાપુર ન.પા. પણ તેનુ અસ્તીત્વ ગુમાવશે જે જિલ્લાના રાજકારણમાં નવા સમીકરણો બનાવશે.

આ ઉપરાંત શહેરમાં પણ નવા રાજકીય સમીકરણો રચાશે. હદ વધારવાનો નિર્ણય હાલ તો સત્તાધારી ભાજપને નુકશાન કરશે તેવો મત રાજકીય પંડિતો વ્યક્ત કરી રહ્યા છે. પેથાપુર નગરપાલિકા જે ભાજપ પાસે છે તે ગુમાવવાની થશે. આ નગરપાલિકાએ હદ વિસ્તાર વધારાનો વિરોધ કરતો પ્રસ્તાવ પણ પસાર કર્યો હતો. આ ઉપરાંત ૭ જેટલી ગ્રામ પંચાયતોએ પણ વિરોધના ઠરાવો મંજૂર કરી સરકારને મોકલ્યા હતા. જો કે સરકારે કોઈની વાત ધ્યાને લીધા વિના જ ૨૦૧૧ની વસ્તી ગણતરી અને ૧૧ જેટલા અન્ય પાસાંઓને ધ્યાને લઈ આ મહત્વનો નિર્ણય કર્યો છે.

### શહેરમાં આજે એક જ કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોના પોઝીટીવનો એક જ કેસ મળતાં તંત્રએ થોડીક રાહત અનુભવી છે.

સે. ૪-બી માંથી એક ૬૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ ચકાસણી દરમ્યાન પોઝીટીવ આવતાં તંત્ર દ્વારા વૃદ્ધને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

શહેરમાં આજે એક કેસ મળતાં શહેરમાં નોંધાયેલ કેસ સાથે શહેરમાં કુલ કેસની સંખ્યા ૧૭૦ થાય છે.

દરમ્યાન શહેરના મેયર રીટાબેન પટેલે આજે ગાંધીનગર શહેરની કોવિડ-૧૯ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને ત્યાંની વ્યવસ્થા તંત્ર દ્વારા જે કરવામાં આવી છે તે અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.



અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ... જૂજવે રૂપે અનંત ભાસે... આ મોસમમાં સવારે આભની અખિલાઈ માણવા જેવી હોય છે. પલભરમાં આકાર બદલતા વાદળા ઈશ્વરના નિરાકાર સ્વરૂપની સાક્ષી પુરાવતા હોય જાણે. ગુરૂવારની સવારે ગાંધીનગરના નભનો નજારો કંઈક આવો હતો. જ-માર્ગને અડીને આવેલા ઈન્દ્રોડા ગામના મંદિરની ધજાએ આકાશના અવકાશને જાણે કે પ્રભુ કૃપાથી ભરી દીધું. અંતરમાં પ્રાર્થના સ્ફૂરે એવી આ પ્રભાતે આપણે ઈશ્વર પાસે એટલું જ માગીએ કે આપણી, આ નગરની, આ રાજ્યની, આ રાષ્ટ્રની અને આ વિશ્વની પીડા હરે... ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા...

**(તસવીર : હિરેન ભટ્ટ)**

# ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૪ કેસ

**કોલવડામાંથી પાંચ કેસ મળ્યા : ઝુંડાલ, કુડાસણ, રાંદેસણ-અડાલજમાંથી કેસ મળ્યા : કલોલમાંથી બે અને બે માણસામાંથી કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૪ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે.

જિલ્લામાં આજે જે નવા કેસો મળ્યા છે તેમાં ગાંધીનગરના ૧૦, કલોલના ૨ અને માણસાના બે કેસનો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા કેસોમાં કલોલમાંથી બે કેસ મળ્યા છે જેમાં એક ગ્રામ્ય વિસ્તાર અને બીજો કેસ અર્બન વિસ્તારમાંથી મળતાં તંત્રએ થોડીક રાહત અનુભવી છે.

આજે વધુ પાંચ દર્દી રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે જેમાં બે પુરૂષ અને ૩ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે ૧૦ કેસ મળ્યા છે જેમાં કોલવડામાંથી પાંચ, તેમજ વાવોલ અને રાંદેસણ, ઝુંડાલમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે વાવોલના શાલિન-૩ માંથી એક ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી કન્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળેલ છે.

કોલવડામાં જે પાંચ કેસ પોઝીટીવ મળ્યા છે તે પૈકી ૩ દર્દી જે ગઈકાલે સંક્રમિત થયેલ દર્દી મળેલ તેના પરિવારના સભ્યો હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત એક દરજી કામ કરતાં દંપત્તિનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે.

રાંદેસણમાંથી એક ૧૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે જે હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતો હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત ઝુંડાલ, અડાલાજ તેમજ કોબામાંથી પણ એક એક કેસ મળી આવ્યા છે.

કલોલમાં જે બે કેસ મળ્યા છે તેમાં એક અર્બનમાંથી અને એક વડસર ગામ ખાતેથી મળેલ છે.

માણસામાંથી પણ બે દર્દી આજે મળી આવ્યા છે. જેમાં લોદરામાંથી એક ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્રએ તે મંજૂર રાખેલ છે.

આ ઉપરાંત માણસા અર્બન વિસ્તારમાંથી એક ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જે ગાંધીનગર સ્થિત ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં હાલ ૧૩,૭૭૭ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૩૨૫ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

**કલોલ શહેર અને ગ્રામ્યમાં વધતા કેસોને પગલે**

### આરોગ્ય કમિશનર કલોલ પહોંચ્યા અને સમીક્ષા કરી



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોને લઈ ચિંતીત બનેલ રાજ્ય સરકારના આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે આજે કલોલ દોડી ગયા હતા.

બે કલાકથી પણ વધુ રોકાણ તેમણે કલોલમાં કરી તંત્ર દ્વારા લેવાયેલા પગલાં, પડકારો અને ચિંતાજનક પાસાંઓની વિસ્તૃત સમીક્ષા કરી હતી.

આરોગ્ય કમિશનરે વધતા જતા સંક્રમણને ધ્યાને રાખી કન્ટેનમેન્ટ ઝોનનું અસરકારક અમલીકરણ, સોશિયલ ડિસ્ટન્સીંગ ન જાળવતા લોકો સામે દંડનીય કાર્યવાહી તેમજ માસ્ક ન પહેરતા લોકો સામે પણ દંડનીય કાર્યવાહી વધુ કડકાઈ સાથે કરવા જણાવ્યુ હતુ.

તેમણે તંત્ર દ્વારા વિવિધ જાતિ અને સમુદાયો સાથે સંવાદની

● અનુસંધાન પાન-૭ પર

### સુર્યગ્રહણથી ગભરાવાની જરૂર નથી : ફુલશંકર શાસ્ત્રી

**સવારે ૧૦ કલાક ૩ મિનિટ અને ૪૭ સેકન્ડે ગ્રહણ સ્પર્શ : ૧૧ કલાક ૪૧ મિનિટ અને ૪૭ સેકન્ડ મધ્ય અને બપોરે ૧ કલાક ૩૨ મિનિટે ગ્રહણ મોક્ષ થશે**

ગાંધીનગર તા ૧૮

પ્રાચિન કાળના ગ્રંથોમાં ઉલ્લેખ છે ગ્રહણના શોધક અત્રિઋષિ છે. આગામી તા ૨૧ જુનના રોજ મિથુન રાશિમાં થનારા સુર્યગ્રહણથી ડરવાની કે ગભરાવાની જરૂર નથી આ કોઈ ભયાનક નથી ગ્રહણ સમયકાળ દરમિયાન જપતપ કે દાન પુણ્ય કરવુ જોઈએ. જયારે ગર્ભવતી મહીલાઓ કે રોગીઓએ ગ્રહણ જોવુ નહીં તેમ નગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીએ જણાંવ્યુ છે.



પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીએ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ગ્રહણના શોધક અત્રિઋષિ છે. જયારે આ અંગેની માહીતી પ્રાચિનકાળમાં પણ ઉપલબ્ધ છે. જયારે પંચાગકર્તાઓએ અનોખા ગણિતના લીધે વર્ષ ૨૦૩૦ સુધીનો સમય દર્શાવી દીધો છે. જે ગણિત પરફેકટ છે. ગત ડિસેમ્બરમાં જે ગ્રહણ ગયુ તેનો વર્તારો પણ યોગ્ય રીતે કરવામાં આવ્યો હતો. ૨૬ ડીસેમ્બરના ગ્રહણમાં સાત ગ્રહોની યુતિ હતુ જયારે આ કંકણાકૃતિ ગ્રહણના લીધે ભુકંપ, પુર તોફાન તેમજ કોરાના જેવી મહામારી સહીતના ઉપદ્રવો સર્જાય વૈજ્ઞાનિકોનુ કામ વધે નાંણાંકીય તંગી ઉભી થાય રોગશોકમાં વધારો થાય તેવી પણ ધારણા હતી. જે હાલના સંજોગો જોતા સ્પષ્ટ થાય છે. અગાઉ ૬૦ના દાયકા બાદ ગ્રહણમાં અષ્ઠગ્રહ યુતિ થઈ હતી ચીન સાથે લડાઈ પણ થઈ હતી તેવા સમયે જયોતિષીઓની મશ્કરી પણ ખુબ થતી હતી. અગાઉના વર્ષોમાં ઈન્દિરાગાંધી , રાજીવગાંધીના મૃત્યુ અંગે પણ જયોતિષીઓએ સચોટ આગાહી કરી હતી. જો કે હાલ જે આગામી ગ્રહણની વાત કરીએ તો આ ગ્રહણથી કોઈ ડરવાની જરૂર નથી. રવિવારે સવારે ૧૦ કલાકે ૩ મિનિટ અને ૨૯ સેકન્ડે આ ગ્રહણનો સ્પર્શ થશે. સુર્ય બંગડી જેવા આકારનો દેખાશે. જયારે બપોરે ૧૧ : ૪૧ મિનિટ અને ૪૭ સેકન્ડે ગ્રહણનો મધ્યાંતર રહેશે ત્યારબાદ બપોરે ૧ કલાક

● અનુસંધાન પાન-૭ પર

**પુણ્યદાન અને જપતપ કરવા માટે ઉત્તમ : ગર્ભવતી મહીલાઓ તેમજ રોગિષ્ટોએ ગ્રહણ જોવુ નહીં : જ્યોતિષશાસ્ત્રની દ્રષ્ટીએ ગ્રહણ વિવિધ રાશિઓને અસરકર્તા હશે પરંતુ કાંઇ ભયાનક નથી : ગ્રહણના શોધક અત્રિઋુષિ :પ્રાચિનકાળના ગ્રંથોમાં પણ માહીતી છે : પંચાગકર્તાઓએ પરફેકટ ગણિત સાથે વર્ષ ૨૦૩૦ સુધીનો સમય દર્શાવી દીધો છે : શાસ્ત્રીજી**


## અભિનંદન



મન્સુરી મુસ્કાન મહેમુદભાઈ
PR-99.46

માર્ચ-૨૦૨૦માં લેવાયેલી ધોરણ-૧૨ કોમર્સની પરીક્ષામાં 99.46 P.R. મેળવીને સમગ્ર મનસુરી સમાજ તેમજ મુસ્લિમ સમાજનું અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. એન. કે. સ્કુલ ઓફ કોમર્સનું પણ ગૌરવ વધાર્યુ છે. એન. કે. સ્કુલ ઓફ કોમર્સના આશિફ મનસુરી સર તેમજ રાજેશ દરજીસરના સહકાર અને માર્ગદર્શન બદલ ખૂબ - ખૂબ આભાર...

પૂર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમાર તેમજ કોર્પોરેટર રોશનબેન યુસુફભાઈ પરમારે પણ તેજસ્વીની મુસ્કાનને અભિનંદન આપ્યા છે.






મેયર કોવિડ વૉર્ડની મુલાકાતે - ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબેન પટેલ ગુરૂવારે સવારે ગાંધીનગર સીવીલ હોસ્પિટલના કોવિડ વૉર્ડની મુલાકાતે પહોંચ્યા હતા... સુપ્રીટેન્ડેન્ટ ડૉ. નિયતીબેન લાખાણી અને આર.એમ.ઓ. ડૉ. સુધાબેન શર્મા પાસેથી સારવાર અને સુવિધા સંદર્ભે માહિતી મેળવી વૉર્ડની મુલાકાતની ઈચ્છા વ્યક્ત કરી હતી... પીપીઈ કીટ સહિતના સુરક્ષા સાધનોથી સજ્જ થઈ મેયરે વૉર્ડમાં સારવાર લઈ રહેલા એક-એક દર્દીની પૃચ્છા કરી હતી અને સુવિધા સંદર્ભે માહિતી મેળવી દર્દીને સત્વરે આરોગ્યની સુખાકારી માટે શુભેચ્છા પાઠવી હતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com